કુટુંબ કલ્યાણ કાર્યક્રમ હેઠળ થતા ઓપરેશનને લીધે લાભાર્થીના મૃત્યુ /કોમ્પ્લીકેશન અને નિષ્ફળતાના કિસ્સામાં અંશતઃ ફેરફાર સાથે કુટુંબ નિયોજન વિમા યોજનાનો અમલ કરવા બાબત.

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાકઃએફપીડબલ્યુ/૧૦૨૦૦૮/જીઓઆઈ/૨૩/બ.૧
સચિવાલય, ગાંધીનગર
તાઃ ૧૧/૦૬/૨૦૦૮.

<u>વંચાણે લીધો</u> :–

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તાઃ૯/૫/૨૦૦૬નો ઠરાવ ક્રમાંકઃ એફપીડબલ્યુ/૧૦૨૦૦૬/૧૮૭/ઘ.

(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તાઃ૨૩/૪/૨૦૦૭નો ઠરાવ ક્રમાંકઃ એફપીડબલ્યુ/૧૦૨૦૦૬/૧૮૭/ઘ.

(૩) ભારત સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના તાઃ૧૦/૧/૦૮ ના અ.સ.પત્ર ક્રમાંકઃએન/૨૩૦૧૧/૮/૨૦૦૪–પોલીસી.

(૪) કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ(આ), ગાંધીનગરની તાઃ ૨૪ /૩ /૦૮ ની દરખાસ્ત.

<u>સુધારા ઠરાવ</u> :

આમુખના સંદર્ભ(૧) અને સંદર્ભ(૨)માં દર્શાવેલ આ વિભાગના તાઃ૯/૫/૨૦૦૬ અને તાઃ૨૩/૪/૦૭ના ઠરાવથી કુટુંબ કલ્યાણ કાર્યક્રમ હેઠળ થતા ઓપરેશનને લીધે લાભાર્થીના મૃત્યુ /કોમ્પ્લીકેશન અને નિષ્ફળતાના કિસ્સામાં કુટુંબ નિયોજન વિમા યોજનાનો અમલ કરવામાં આવેલ છે.

આમુખના સંદર્ભ(૪)થી કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આ)ની કચેરી ધ્વારા આમુખના સંદર્ભ(૩)થી ભારત સરકારશ્રી તરફથી આવેલ કુટુંબ નિયોજન વિમા યોજનાના અમલમાં અંશતઃ ફેરફાર થઈ આવેલ છે. તે મુજબ ઉકત સંદર્ભ(૧) અને સંદર્ભ(૨)ના ઠરવામાં અંશતઃ ફેરફાર સાથે કુટુંબ નિયોજન વિમા યોજનાનો અમલ કરવા અંગેની દરખાસ્ત કરેલ છે.

સદર દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. સરકારશ્રીની સક્રિય વિચારણાને અંતે રાજયમાં અંશતઃ ફેરફાર સાથે કુટુંબ નિયોજન વિમા યોજનાનો અમલ કરવા બાબતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

આમુખના સંદર્ભ(૨)ના તાઃ૨૩/૪/૨૦૦૭ના ઠરાવની ક્રમાંકઃ(૧)ના પેટાક્રમાંક(૩) અને ઠરાવની જોગવાઈ ક્રમાંકઃ(૧૦) આથી રદ કરવામાં આવે છે તેને બદલે નીચે મુજબની જોગવાઈ કરવામાં આવે છે.

ક્રમાંક(૧) (૩) કુટુંબ નિયોજન ઓપરેશન દરમ્યાન હોસ્પિટલમાં થતા મૃત્યુ તેમજ શસ્ત્રક્રિયા પછીની તકલીફોની સારવાર વિગેરે માટે કુટુંબ નિયોજન વિમા યોજના હેઠળ લાભાર્થીને / તેમના વારસદારને નીચે મુજબ વળતર ચૂકવવામાં આવશે.

| ભાગ | વ્યાપ | મર્યાદા |
|---|---|---|
| ૧અ | વ્યંધીકરણના કારણે દવાખાનામાં અથવા દવાખાનામાંથી રજા આપ્યા બાદ સાત દિવસની અંદર મૃત્યુ થાય તો | રૂા.૨,૦૦,૦૦૦/– |
| ૧બ | દવાખાનામાંથી રજા આપ્યા બાદ ૮–૩૦ દિવસની અંદર વ્યંધિકરણના કારણે મૃત્યુ | રૂા.૫૦,૦૦૦/– |
| ૧ક | વ્યંધિકરણ શસ્ત્રક્રિયાની નિષ્ફળતા (વ્યંધિકરણની શસ્ત્રક્રિયા પછી ગર્ભાધાન થયા પછી બાળકનો જન્મ થાય કે ન થાય) | રૂા.૩૦,૦૦૦/– |
| ૧ડ | વ્યંધિકરણ શસ્ત્રક્રિયાને લીધે પેદા થતી તબીબી તકલીફોની સારવાર અંગેનો ખર્ચ (શસ્ત્રક્રિયા) પછીના ૬૦ દિવસની અંદર થયેલા ખરેખર ખર્ચના આધારે પરંતુ રૂા.૨૫,૦૦૦/– થી વધુ નહી. | રૂા.૨૫,૦૦૦/– થી વધુ નહી |
| ૨ | વિમા કવચ – દરેક ડોકટરની બાબતમાં (બેદરકારીના) વર્ષ દીઠ ૪ કેસ સુધી જ | રૂા.૨,૦૦,૦૦૦/– સુધી દરેક દાવા દીઠ |

(૧૦) વ્યંધિકરણી શસ્ત્રક્રિયા માટે નામ નોંધતી વખતે, વ્યકિતએ સંમતિપત્રકમાં તેમના પતિ/પત્નિ (Spouse) અને બધા જ બાળકોના નામો સહીતની તમામ વિગતો લખવાની રહેશે. ઉપરોકત સેકશન ૧ક અને ૧ડ ના વળતર અંગેના દાવાની રકમ લાભાર્થીના નામે ચુકવવાની રહેશે. મરણના કિસ્સામાં વળતર અંગેની રકમ પતિ/પત્નિ અને અપણિત આશરીત બાળકો તે તમામને વિમા વળતરની રકમ સરખેભાગે મળશે. મૃતકના બાળકો સગીર હોય તો, દાવાની રકમ સગીર બાળકોના નામે, બાળકો અઢાર વર્ષના થાય ત્યાં સુધીની મુદત માટે બાંધી મુદતની થાપણ(ફીકસ ડીપોઝીટ) બેન્ક ખાતામાં જમા કરાવવાની રહેશે અને તેમાંથી જે કંઈ માસિક વ્યાજ આવે તે બાળકોને દર માસે તેમના માતા/પિતા/વાલીઓ મારફત મળવાપાત્ર રહેશે. જો મૃતકના કાયદેસરના પતિ/પત્નિ કે બાળકો હયાત ન હોય તો તેવા કિસ્સામાં દાવાની ચુકવણી મૃતકના કાયદેસરના વારસોને (legal heir) કરવાની રહેશે.

વધુમાં કુટુંબ નિયોજન ઓપરેશન થતા હોય તેવી જિલ્લા હોસ્પિટલો/ તાલુકા હોસ્પિટલો કે અન્ય હોસ્પિટલોની દિવાલ ઉપર પેઈન્ટીગ (ચિત્રકામ) ધ્વારા જનજાગૃતિ ઉભી કરવા "ICICI Lombard General Insurance Company" સંમત થયેલ છે તેવી યાદી વિમા કંપનીને કમિશ્નરશ્રી(આ.)ની કચેરી ધ્વારા મોકલી આપવામાં આવેલ છે.

વધુમાં જોગવાઈ ક્રમાંકઃ૧૦માં કરેલ ફેરફાર અન્વયે નવા સંમતિપત્રકમાં જોગવાઈ ક્રમાંકઃ૧૦નો સમાવેશ કરવાનો રહેશે.

સદરહુ ઠરાવ આમુખ(૩)માં જણાવેલ ભારત સરકારશ્રીની સુચના પ્રમાણે તાઃ૧ / ૧/ ૨૦૦૮ થી અમલમાં આવશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તાઃ ૨૧/૫/૨૦૦૮ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**સહી/–**
**(કે.એલ.ખાંટ)**
ઉપસચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

- ✓ કમિશ્નરશ્રી,
  આરોગ્ય અને તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ(આ.વિ.), ગાંધીનગર.
- ✓ અધિક નિયામકશ્રી(પ.ક.),
  આરોગ્ય અને તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ(આ.વિ.), ગાંધીનગર.
- ✓ નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ✓ નાણાં સલાહકારશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ✓ નાયબ નિયામકશ્રી(આઈઈસી),
  આરોગ્ય અને તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ(આ.વિ.), ગાંધીનગર.
- ✓ એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.
- ✓ પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- ✓ સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રી.
- ✓ સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી/કલેકટરશ્રી/જીલ્લા વિકાસ અધિકારીશ્રી.
- ✓ સર્વે મુખ્ય જીલ્લા તબીબી અધિકારી સહ સીવીલ સર્જનશ્રી.
- ✓ સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રી.
- ✓ સર્વે મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ.
- ✓ સર્વે પ્રોગ્રામ નિયામકશ્રી, પી.પી.યુનીટ, મે.કો., તમામ..
- ✓ માહિતી નિયામકશ્રી, માહિતી નિયામકની કચેરી, ગાંધીનગર.
- ✓ વેબ સાઈટ,કમિશ્નરશ્રી(આ)ની કચેરી, ગાંધીનગર આ ઠરાવ વેબસાઈટ ઉપર મુકવાની વિનંતી સહ.
- ✓ ફાઈલ ક્રમાંકઃએફપીડબલ્યુ/૧૦૨૦૦૬/૧૮૭/ઘની અસલ ફાઈલ માટે.

- ✓ સિલેક્ટ ફાઈલ.